શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન • જ્ઞાતિનું કેન્દ્રવર્તી મહાજન

# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૩ • સળંગ અંક : ૧૯૧ • તા.૦૫ ફેબ્રુઆરી થી ૧૧ ફેબ્રુઆરી ૨૦૨૨

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.

## સમસ્ત મહાજનની સેવાકીય સિદ્ધિ



## અતિ કપરા સંજોગોમાં આશાનો દીપક ઝળહળતો રાખવો જોઈએ

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF
Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-
માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર
(ગામ - સાયરા)



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


-: સંપાદક ગણ :-

નીશિથ આનંદ દંડ

જયંત વસનજી છેડા

રાજેન્દ્ર મણિલાલ ખોના

પ્રવીણ હંસરાજ લોડાયા

કીર્તિકુમાર ધનજી ધરમશી



-: કાર્યાલય :-

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

જ્ઞાતિમૈયા હવે નેટ પર....

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત... સંપાદક સ્થાનેથી

# સ્વાર્થ સ્વને અંધ બનાવે છે

જીવન એ અર્થનો મહાસંગ્રામ છે, જે સ્વાર્થ અને નિ:સ્વાર્થ વચ્ચેનો છે. આ બંન્ને અર્થ વચ્ચેનો સંઘર્ષ છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો મતલબ જોઈ બીજાની સાથે વ્યવહાર કરે છે. આ રાગ, અનુરાગ, મત અને મતાંતરની તો હઠ અને જડ માન્યતાની લડાઈ છે. સ્વાર્થની સંકુચિત ભાવના વ્યક્તિને ન કરવાનું કરાવે છે. સ્વાર્થએ સ્વનું લોભ છે જે વ્યક્તિઓને અંધ બનાવી તેને ન કરવાનું કરાવે છે. આ સ્વાર્થ વ્યક્તિ કે સંબધિત જણ સાથેનો સ્નેહ, પ્રેમ, લાગણી ભાઈબંધી જેવી ભાવનાનો પણ લોપ કરી માત્ર પોતાનું હિત આગળ વધારે છે.

સ્વાર્થ સંકુચિત ભાવનાનો વિસ્તાર કરાવે છે. જેમાં સગાઓનો સ્નેહ સૂકાઈ જાય છે, સ્નેહીઓ વચ્ચે ઊંચી દીવાલો ચણાઈ જાય છે. ગાઢ અને અતૂટ મૈત્રી તૂટીને જમીન દોસ્ત થાય છે. વર્ષોના વર્ષથી વિશ્વાસથી ચાલતા વ્યવહાર ખોડંગતા થઈ વેર વિખેર થઈ જાય છે. પહેલાં જેઓની દીર્ઘ દ્રષ્ટિ હતી તે હવે સીમિત દ્રષ્ટિથી જોતા થઈ જાય છે. પોતાના લાભ અને મતલબ સ્વાર્થ અને સ્વભાવના સિવાય તેને બીજું કંઈ દેખાતું નથી કે દેકાતું હોય છે. તે પ્રત્યે તેઓ તુચ્છ ભાવના દર્શાવી નજર અંદાજ કરે છે. આ ચતુરાઈનો ચક્રવ્યુહ એક દિવસ તેમને જ ચક્કરમાં લઈ તેનો વિનાશ કરે છે.

પોતાનો સ્વાર્થ સાકાર થાય એ માટે અસત્ય અનીતિ, દુરાચાર અને કપટનો આશરો લઈ પોતાનો કક્કો ખરો થાય એ હિતરાખીને પોતાના વર્તન ના વહાણનો સુકાન ફેરવે છે અને પોતે ધાર્યુ છે, જે નિર્ધાયુ છે તે કિનારે લાંગરે છે. આને તે સફળતા સમજે છે પણ એ પતનનો પાયો છે. એ તેને દેખાતું કે સમજાતું નથી તે માત્ર પોતાનો માર્ગ કંડારે છે. શ્રદ્ધા અને વિશ્વાસના તાંતણે આ જગતનો વ્યવહાર ચાલે છે. જ્યાં સત્ય સદાચાર અને સંનિષ્ઠભાવના પ્રર્વતે છે. ત્યાં ચિત પ્રસન્તા અનુભવે છે અને ત્યાંજ કોઈનો વિશ્વાસ બંધાય છે.

જિંદગીમાં સંબંધોનો સરવાળો કરીએ ત્યારે તેના લાભ ગુણાકાર થઈ આપણને પ્રાપ્ત થાય છે. પણ, સ્વાર્થ આ ગણિતને પણ ખોટા પાડી સંબધોના સરવાળાને ભાગાકારમાં બદલી કાઢી આપણું જ નુકસાન કરે છે. સ્વાર્થની સંકુચિત ભાવનાને લીધે જીવનમાં ઘણું બધું ગુમાવી દઈએ છીએ જેમાં સંબંધ, વિશ્વાસ, સ્નેહ, લાગણી મૈત્રી, મિલકત વિગેરે છે. નાની નાની વસ્તુઓના સ્વાર્થ પસંદ કરે એ તેની ટૂંકી સમજણ છે. સંકુચિત મનોવૃત્તિ મનોવૃતિ છે. પલ, શિક્ષિત, જ્ઞાની અને સમજુ ઈન્સાન જો આ રસ્તો અપનાવે એ તેની માટે અધોગતિનો પથ છે. જે આખરે તેને વિનાને આરે લઈ જાય છે. માટે વિચારવંત વ્યક્તિ નીતિમય પરોપકારી અને ઉદારવૃત્તિ ધરાવી આદર્શ આચાર ધર્મનું પાલન કરી પોતાના સંસ્કારનું સંવર્ધન કરી કલ્યાલ માગ કંડારેને જીવનને સાર્થક કરે.

– જ્ઞાતિમૈયા

# એકાકી અને એકલવાયું

## સેક્રેટરીના બે બોલ..



નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

એકલા થઈ જવું એ વયસ્કજનો માટે સૌથી વધારે ગભરાટ અને રઘવાર પ્રેરનારી સ્થિતિ છે. માણસ માણસના સંગાથ, સાથ અને આધાર વગર જીવી શકતો નથી અને જીવતો રહે તો પણ જીવનના પ્રવાહમાં ઉત્સાહભેર તરી શકતો નથી. સ્વભાવ ચીડીયો, વાણી વર્તન અતડા અને જીવનક્રિયામાં યંત્રવત સ્થિતિ સર્જાઈ જાય છે. તે એકલવાયો છે તેના બોજથી તે હતપ્રભ બની જાય છે અને માનસિકતા જીવવું તો, કોના માટે? એવી થઈ જાય છે.

કંઈક ને કંઈક કરતા રહેવું પોતાના માટે અને જે પોતીકા હોય એવા પરિવારજનો પ્રત્યે પોતાની લાગણી વ્યક્ત કરવામાં તેને સંતોષ અને સુખ મળે છે. પોતાની પત્ની તે પતિ, સંતાનો, મિત્રો માટે સબળ સહાયક હોવાનું ગૌરવ સુખ મળે છે. તેની તાકાત અલગ હોય છે, તેનું મૂલ્ય આંકવું મુશ્કેલ છે. પણ આજે વિભક્ત કુટુંબ ઠેર ઠેર જોવા મળે છે. આ માટે જો કોઈ કારણ રૂપ હોય તો સમય અને સંજોગ છે. જે દરેકના અલગ અલગ રહેવાના તો કોઈ યુવા દંપતીને એકલા અને મોજમજાથી રહેવાના અભરખા હોય છે. પરંતુ આજે કોરોના કાળ એ સર્જાયેલી પરિસ્થિતિએ રુખ બદલ્યો છે. તેથી પણ કેટલાયે પરિવારોની હાલત પણ આર્થિક તેમજ પારિવારિક રીતે કફોડી બની છે. આનંદ કિલ્લોલથી રહેતું કપલ હોય અને તેમાંથી એકની અણધારી વિદાય થતાં કેવા ભારે વિકટ સંજોગોમાં બીજું પાત્ર મુકાય છે અને હતાશાની ગર્તામાં ધકેલાઈ જાય છે જેની કલ્પના પણ ન કરી શકાય.

કાળની ઝાપટ પણ કેવી ક્રૂર રીતે પડે છે કે સુખી, સંતોષી અને સંપન્ન પરિવાર પણ એક ઝાટકે વિરહના વાદળો વચ્ચે કપટી રીતે ઘેરાઈ જાય છે. એકલવાયાપણું એ એક એવી વ્યાધિ છે માનવી ધીરે ધીરે હતાશામાં જકડાઈ જાય છે. જીવવામાંથી રસ ગુમાવી ચૂકેલા સ્ત્રી પુરૂષોનો ચોક્કસ આંકડો ભલે આપણે ન મેળવી શકીએ. પણ, તેનો ચોક્કસ આંકડો નાનો કે થોડોક તો નહીં જ હોય એ નક્કી. ગમે તે રીતે એકલા પડી ગયેલા કે પોતાને એકલવાયા સમજતા સ્ત્રી પુરૂષો આપણે નજર ફેરવીએ ત્યાં દ્રષ્ટિ ગોચર થવાના. લાંબી બીમારી, લાગણી ભંગનો આઘાત, માનસિક સમસ્યાઓ, સ્વજનોનો વિયોગ કે મૃત્યુ, ઘણી ઘટનાઓ આ માટે નિમિત્ત બની શકે છે. આવી સમસ્યાઓ આધુનિક યુગમાં સતત ગુણાકાર પામતી જોવા મળે છે.

આજે વડીલો અને વૃધ્ધો પ્રત્યે એવી કાળજી અને પ્રેમ દર્શાવવા જોઈએ કે તેમના વિચારો લાગણી પ્રફુલ્લિત રહે, હર્યા ભર્યા રહે, ખીલેલા રહે. એકલવાયાની લાગણી મૂરઝાયેલી રહે અને આશા ઉમ્મીદ અને હર્ષની લાગણી સતત અંકુરિત રહે ઉત્સાહિત રહે. કોઈ શરત વિના અને કોઈ બદલાની અપેક્ષા વગર કોઈને અનહદ ચાહવું અઘરૂં કામ છે. પણ વડીલ ને સ્વજન માટે એટલો ભોગ આપવો જરૂરી છે.

## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અતિ કપરા સંજોગોમાં આશાનો દીપક ઝળહળતો રાખવો જોઈએ

# A Case of Strong Will & Determination



I want to share a story that has taught me many important values of life and also shown me the strong bond of family that we are lucky to cherish. I, as the Chairperson of the medical committee and also in my professional capacity as Chief Human Resources Officer with Jupiter Hospital Group, see a lot of people with grave illnesses and have consoled many families while supporting the ill patients. But – Sanjivani case no. 47 – will always be close to my heart, because we not only healed the patient, but we helped a father regain self-confidence and trust in himself. When I met Mr. Vijay Jivani (Munwar) in August last year, I could not hold my emotions back when he shared the story of the day he took his 16-year old son for a tour of Mumbai city.

While on the tour, in the midst of a crowded railway platform, a horrifying incident took place in front of his eyes. His son, Sachin Jivani had met with an accident which unfortunately had taken away both his legs from him. What could be worse than a father seeing his son losing both his legs to an accident with his own eyes! More than shock or disbelief, he drowned himself in guilt and each day repented taking him for the tour on that unfortunate day.

As for Sachin, his life had come to a standstill. He was just 16, he had a normal life, friends, college and had plans of finishing his education and starting to earn soon, to give his parents a life they had only dreamt of.



This traumatic accident in 2001 had led to amputation of both lower limbs (left below knee and right above knee mid-thigh amputation). Post the amputation, he also suffered from a ring sequestrum (piece of dead bone separated from sound bone) and chronic osteomyelitis (Inflammation leading to bone destruction) in both his amputation stumps, due to which he was unable to fit a prosthetic limb on those stumps. He also tried Jaipur Foot for few times in a row, but failed as it was not suitable for his type of amputation.

The first few weeks post amputation were hell. He used to be in bed all day, crying as he thought about his college and friends. The only question he had in his head was, WHY ME?

But slowly, this question itself gave him an answer. The Almighty had selected him so he could make him aware of the strength, the perseverance and the grit that he was blessed with. His positive attitude helped him turn this disaster into an opportunity – an opportunity

which he leveraged to make new friends, to get newer inspirations and form a whole new world for himself. He identified support groups of people who had similar conditions in life. He made really good friends in these groups. Friends, who were with him through his dark days, and who helped him come out of the darkness.

One of his amputee friends suggested him to meet a doctor who could treat his stumps and make them fit enough for advanced prosthetic limbs. Two successful debridement surgeries were performed on both his stumps in 2016 and 2018, following which the stumps healed satisfactorily.

And now he was completely ready for suitable prosthetic artificial limbs which would help him walk again! After so many years, this was a ray of the shining sun for him and his family, but in no time the sunshine faded away when they found the cost of prosthesis. The estimate for Bilateral Above knee & Below Knee Prosthesis was found to be 3.63 Lakhs. With no earning member in the family, his hopes started diminishing again, and his thoughts of supporting his ageing parents were dying a slow death again…

Thus he started enquiring for help. Some of the community well-wishers suggested him to contact Shree Samast KDO Jain Mahajan Sanastha as this Sanstha provides support to medical emergencies for underprivileged KDOs through Sanjivani Crowdfunding scheme. He was recommended by many to contact the Chairman of Medical Committee. And thus, I would say, God chose me to help this son fulfil his parents' and his own dreams.

The day his father met me with all the details, I promised him that we would do whatever it takes to make Sachin stand on his feet again, so that his father could live a guilt-free and peaceful life. In this case, more than coordination for funds, I gave more time and focus on counselling the family – more so his father. Calling Sachin every week, to encourage him and show him dreams of him walking again, was a thing I had included in my daily routine for the next 3 months.

Once the case was prepared, the funds were raised immediately through crowdfunding. I also spoke to Endolite Company for further discount, and they were nice enough to offer a discount of 60,000/- for this case. I was continuously in touch with Sachin throughout this period and ensured seamless payments were made to him so he could plan his training and fitment of prosthesis accordingly. I also followed up with Endolite and Sachin for his trainings post prosthetic fitment.

Today Sachin not only can walk but also can climb stairs and get down on his own without support. I feel contented to see that smile on his face, but more than the healing, I feel satisfied that I could live up to the promise I had made to a father.

My sincere gratitude to all the donors who supported the case instantaneously.

I thank Shree Samast KDO Jain Mahajan Sanstha, Trust Board and my Medical Committee Team members who believed in me, trusted me and stood with me agreeing to all the decisions I have made in this regard.

I thank my family who always supports and encourage me in doing good for others though in a small way.

**Best wishes to Sachin Jiwani. I pray God that may all his dreams& wishes come true.**

**Ms. Manisha Shah**
**Shree Samast KDO Jain Mahajan**

## સમસ્ત મહાજનની સેવાકીય સિદ્ધિ

# અતિ કપરા સંજોગોમાં આશાનો દીપક ઝળહળતો રાખવો જોઈએ




'ન જાણ્યુ જાનકી નીથે સવારે શું થવાનું છે.' આ જાણીતા ઉક્તિ કુદરત ક્યા સંજોગોમાં આપણને મૂકશે એ કોઈને કલ્પના નથી હોતી. આનો અને આપણી સમક્ષ ઘટીત થયેલ દ્રષ્ટાંત એટલે ૨૬ જાન્યુ. ૨૦૦૧નો દિવસ. આપણા વહાણા માદરે વતનની ધરતી સવારે ૮.૧૫ કલાકે ઘણઘણી અને કેટલાયની જિંદગીને રોળી નાંખી. કંઈ પરિવારને નંદવી નાંખ્યા. સધ્ધર, શાહુકાર માણસોના ઘર કાટમાળ થઈ ગયા અને તેઓ રસ્તા પર આવી ગયા. ખાવા પીવા રાહત કેન્દ્રોમાં લાઈન લગાવતા થયા. અનેક જણ ઈજા પામ્યા. સંગ ખોઈ દિવ્યાંગ થયા કેટલાય મૃત્યુને હાથ તાળી દઈ ઓપરેશન, સારવાર થકી જીવતદાન પામ્યા.



આ પ્રકારનો અઘટિત કિસ્સો ૨૦૦૧માં ઘટ્યો. આપણી જ્ઞાતિના ૧૬ વર્ષીય યુવક જખૌ, ડોંબિવલીના સચીન વિજય જીવાણી મુનવર વર્ષ ૨૦૦૧માં લોકલ ટ્રેનથી અકસ્માત ગ્રસ્ત થયો અને બન્ને પગ ઘૂંટણ નીચેથી ખોયા.

ઉત્સાહિત ચંચળ અને જીવન માણવાની ઉંમર હોય અને પથારીવશ થઈ લાચાર સ્થિતિમાં મૂકાઈ જાય એની વેદના કેવી કપરી હોય એ સહન કરનાર જ વ્યક્તિ કરી શકે.

મોટા ઓપરેશન પીડા વેઠી ત્રણ વખત સમયે સમયે જયપુર ફૂટની અજમાયશ કરી પણ ઈન્ફેક્શનને લીધે એ ઉપયોગી ન થાય આખરે સ્પેશિયાલિસ્ટ ડોક્ટરની સલાહથી નવી પ્રોસેસના જયપુર ફૂટ લગાવવા માટે પ્રયત્નો કર્યા જે માટેનો ખર્ચ રૂ.પાંચ લાખનો અંદાજ હતો. માતા દક્ષાબેન ગૃહિણી અને પિતા વિજયભાઈ સર્વિસ કરી રીટાયર્ડ થયા હતા. વર્ષ ૨૦૨૦માં તેમને મિત્રએ સમસ્ત ક.દ.ઓ.મહાજનની મેડિકલ સમિતિ વિષયે અવગત કર્યા અને એ પછી તેઓ એ ઓગસ્ટ ૨૦૨૦માં મેડિકલ સમિતિના ચેરમેન મનિષાબેન શાહનો સંપર્ક કરી પોતાની વ્યથા વર્ણવી એ વખતે જ પગના મેજરમેન્ટ લેવાયા અને સપ્ટેમ્બરમાં નવા જયપુર ફૂટનો ઉપયોગ કરતા થયા. સમસ્ત મહાજનએ ક્રાઉડ ફંડિગ દ્વારા રૂ.૪ લાખ આ માટે ખર્ચયા અને તેમને આધારરૂપ થયા.

આજે બે દાયકા થયા ૧૬ વર્ષની ઉંમરે આવેલી આફત પછી આજે તેમની ૩૭ વર્ષની ઉંમરે સચીન જીવાણી-મુનવર પોતાની રીતે હરી ફરી ચાલી શકે છે. દાદરા ચડ ઉતર કરી શકે છે. આ માટે તેઓ સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, ટ્રસ્ટીઓ, સેક્રેટરી જનરલ, કારોબારી પદાધિકારીઓ, મેડિકલ સમિતિના ચેરમેન, સહયોગીઓનો નતમસ્તકે આભાર વ્યક્ત કરી ઋણ સ્વીકાર કરતાં ગદગદ થાય છે.

ગમે તેવી કપરી પરિસ્થિતિમાં આશાનો દીપક ઝળહળતો રાખવો જોઈએ. આશા અમર છે. પ્રભુ પ્રત્યેની શ્રધ્ધા વહેલી મોડી કે ફળીભૂત થાય છે અને સુખ, શાંતિનો સૂરજ ઘનઘોર વાદળને ભેદી ફરી અવની પર પ્રકાશ પાથરે છે.

# Anumodana

## Sanjivani Case- 47  Patient - Sachin Jivani (Munvar), Dombivli, Kutch- Jakhau

| Uranium Patron | Donation (Rs) |
|---|---|
| Anantnathji Maharaj Jain Temple and its Sadharan Fund Trust | 15,000.00 |
| **Aadhar Stambh Patron** | |
| Shri. Narendrabhai Shamji Dand, Tera, Mumbai | 10,000.00 |
| **Lifetime Patron** | |
| Shri Dakshin Bharat KDO Jain Ekkam, Banglore | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Raipur | 5,000.00 |
| Jai Jinendra Gautamnidhi Trust, Mumbai | 5,000.00 |
| Shri KDO Jain Gnati Mahajan, Hyderabad | 3,000.00 |
| Shri KDO Jain Samaj, Vadodara | 2,500.00 |
| Deluxe LOGISTICS Pvt Ltd, Mr. Kirti Dhanji Dharamshi | 2,000.00 |
| Shri Pankaj Lakhmichand Dharamshi, Banglore | 2,000.00 |
| Shri Kumarbhai B. Dand, Tera, Mumbai | 1,000.00 |
| Shri Laljibhai Velji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| Smt. Sarlaben Lalji Lodaya, Varapadhar - Dombivali | 1,000.00 |
| **Other Individual Donations** | |
| Shri Manekji Devji Jhaveri, Haste: Jayshreeben Jhaveri, Hubli, Jakhau | 11,000.00 |
| Shri Jivraj Pasvir Mota , Haste: Jayshreeben Jhaveri, Hubli, Jakhau | 11,000.00 |
| Smt. Purva Raichand Jiwani, Jakhau - Dombivali | 11,000.00 |
| Well Wisher-1 | 10,000.00 |
| Smt. Alpa Gautam Dharamshi | 10,000.00 |
| Smt. Sheela Bharat Dagha | 10,000.00 |
| Shri Shantilal Damji Shah, Chopda | 10,000.00 |
| Well Wisher-2 | 5,000.00 |
| Well Wisher-3 | 5,000.00 |
| Shri Mukesh Bhavanji Shah ( Chintan Graphics) | 5,000.00 |
| Shri Hiren Somchand Shah, Baroda | 5,000.00 |
| Smt. Neena Nitin Sayla, Dombivali, Suthri | 5,000.00 |
| Shri Siddharth Lodaya | 5,000.00 |
| Shri Kutchi Dasha Oswal Jakhau Jain Gnati Mahajan | 5,000.00 |
| Shri Rajendra U. Desai (Lapasiya), Raichur | 4,100.00 |
| Shri Ajay Dharamshi | 2,000.00 |
| Shri Chetan Somchand Munvar, Bellari | 2,000.00 |
| Shri Kartik mahendra Shah | 2,000.00 |
| Shri Hukamchand J. Dharamshi | 2,000.00 |
| Shri Anuj Girish Lodaya | 1,000.00 |
| Shri Manilal Visanji Dharamshi | 1,000.00 |
| Smt. Arunaben Chimanlal Nagda, Cochin- Mumbai | 1,000.00 |
| Shri Ratilal Shamji Momaya | 1,000.00 |
| Shri Hanskumar Laxmichand Chheda | 1,000.00 |
| Shri Chandresh Tokarshi Lodaya, Alleppey | 500.00 |
| Shri Kamlesh Khushalchand Poladia, Pachora | 500.00 |
| Shri Devansh Pomesh Hirachand Momaya | 500.00 |
| Smt. Pratiksha Somchand Dand, Malkapur | 500.00 |
| Shri Rohit Jivraj Poladia | 500.00 |
| Well Wisher-4 | 200.00 |
| **Previous Case Balance** | |
| From Case-40 | 1,53,000.00 |

**Shree Samast KDO Jain Mahajan**

Website: www.kdosm.org    Email: Seva@kdosm.org    Help: +91 90990 41414

**Thank You Donors for your Generosity & Kindness**

# શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન મંદિર હૈદ્રાબાદનો ૧૪મો ધ્વજારોહણ મહોત્સવનું ભાવભર્યું આમંત્રણ

શ્રી મુનિસુવ્રત સ્વામી નવગ્રહ જૈન મંદિર, કુમેશ વિલેજ, ચેવલ્લા, મંડલ, હૈદ્રાબાદ તેલગંણાનો ૧૪મો ધ્વજા મહોત્સવ તા.૧૩ ફેબ્રુઆરી રવિવારના નિર્ધારીત કરાયો છે. આ પ્રસંગે સવારે ૮.૩૦ કલાકે ૧૮ અભિષેક પૂજા અને સહસ્ત્ર ભેદી પૂજાની ધર્મ આરાધનાઓ કરાશે. ત્યારબાદ સ્વામિવાત્સલ્યની વ્યવસ્થા રખાયેલ છે.

દક્ષિણ ભારતના તેલગંણા રાજ્યના ઐતિહાસિક નગરે ધર્મ આરાધનાના આ ભવ્ય આયોજનમાં પરિવાર સહિત જોડાવવા આપ સૌને ભાવભર્યું આમંત્રણ તીર્થ સ્વરૂપ પુણ્યધામ જૈન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ દ્વારા અપાયું છે. સંપર્ક : ૯૮૪૯૩૭૧૮૦૭, ૯૮૪૯૮૨૪૫૬૪, ૯૮૪૯૪૭૦૮૦૮

# ૧૨ થી ૨૫ વર્ષ ઉંમરની કન્યાઓ માટે શ્રીગુણ પુણ્ય ગિરનાર કન્યા ૯૯ યાત્રામાં જોડાવવા આહ્‌વાન

પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની શુભનિશ્રામાં રવિવાર તા.૧૦ એપ્રિલથી સોમવાર તા.૩૦ મે સુધી ૫૦ દિવસની ૧૨થી ૨૫ વર્ષ ઉંમરની કન્યાઓ માટે ગિરનાર મહાતીર્થ ૯૯ યાત્રાનું આયોજન કરાયું છે. જે માટે ગુગલ ફોર્મ લિન્ક https://forms.gle/rNDnANDngfNJVnYy7 પર જઈ ફોર્મ ભરી મોકલવું જરૂરી છે. ફોર્મમાં કન્યાનું નામ, ઉંમર વર્ષ, ગામનું નામ, મોબાઈલ નંબર, હાલ રહેવાનું સરનામું, ધાર્મિક અભ્યાસની વિગત, શૈક્ષણિક અભ્યાસ, અગાઉ ક્યારે ગિરનાર, ગિરીરાજની ૯૯ યાત્રા કરી છે? કઈ સાલમાં? કોઈ બિમારી છે? દવા કે ઈલાજ ચાલુ છે? વિગેરે માહિતી આપવી પડશે.

યાત્રામાં સહભાગી થનાર માટેના નિયમો.

● ૯૯ યાત્રા દરમ્યાન બ્યાસણા કરવા પડશે ● કટાસણા, મુહપતિ, પંચ પ્રતિક્રમણનું પુસ્તક, શાલ, બટવો, ટોર્ચ, યાત્રામાં સાથે રાખવાની બેગ વિગેરે સામગ્રી સાથે લાવી પડશે ● પૂજા માટે ૧ ઘાઘરો ચોળી/ચણિયા ચોળી (કોરી) લાવવી. નિયમિત પહેરવા માટે પાંચ જોડી કપડાંની સાથે લાવવી ● એક સફેદ ડ્રેસ દુપટા સાથે લાવવું જરૂરી ● ૯૯ યાત્રા તા.૧૦ એપ્રિલ રવિવારથી પ્રારંભ થશે. એટલે તા.૯ એપ્રિલ ૨૦૨૨ શનિવાર સુધી ગિરનાર પહોંચવું પડશે ● ઈચ્છુક યાત્રિકને ફોર્મ ભરવા સમયે રૂા.૧૫૦૦ નિમ્ન લિખિત નંબર પર ગૂગલ પે દ્વારા મોકલવા પડશે. જે રકમ યાત્રા પૂર્ણ થયા પછી યાત્રિકને પરત કરાશે. Google Pay-૯૮૬૭૯૪૫૯૫૫ ક.વી.ઓ.જૈન સંઘ અંબરનાથ ● ગિરનાર આવતા સમયે યાત્રિક કન્યાએ પોતાના પાસપોર્ટ સાઈઝના બે ફોટા સાથે લાવવા. ● ૯૯ યાત્રા ફોર્મ ઓનલાઈન ભરવા માટેની અંતિમ તા.૧૫ ફેબ્રુઆરી ૨૦૨૨ છે. એ પછી લિંક બંધ થઈ જશે અને ફોર્મ સ્વીકાર નહીં થાય.

વધુ વિગત માટે સંપર્ક શ્રી કચ્છી વિશા ઓસવાલ જૈન સંઘ અંબરનાથ. જયંતિભાઈ નાગડા-૮૮૦૬૬૬૬૯૯૦, મયૂર વિસરીયા-૯૮૫૦૦૧૯૩૦૦

# ગણિવર્ય મહારાજ સાહેબોનો આગામી અંદાજિત વિહાર રૂટની જાણકારી

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમં પ.પૂ.ગણિવર્યશ્રી ધર્મરત્નસાગરજી મ.સા.નો આગામી અંદાજિત વિહાર રૂટ નિમ્નલિખિત પ્રમાણે છે. તા.૩ જી ફેબ્રુઆરી ગુરૂવાર વસઈ, તા.૪ ફેબ્રુઆરી શુક્રવાર ગિરનારધામ, તા.૫ ફેબ્રુઆરી શનિવાર અક્ષય વિહાર ધામ, તા.૬ ફેબ્રુઆરી રવિવાર ભીંવડી, તા.૭ ફેબ્રુઆરી સોમવાર કલ્યાણ અને તા.૮ થી તા.૧૩ ફેબ્રુઆરી મંગળવારથી રવિવાર સુધી ૬ દિવસ ડોંબિવલીમાં સ્થિરતા ગુરૂદેવના દર્શન વંદન વિહાર એવા વૈયાવચ્ચનો સૌ લાભ લે. સંપર્ક : ૮૮૭૯૯૮૯૭૮૭

# આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. વિહાર કરતાં સોનગઢ નગરે પધરામણી કરી

અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરિમંત્ર પંચ પ્રસ્થાન સાધક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. વિહાર કરતાં તા.૨૯ જાન્યુઆરી શનિવાર દિને સોનગઢ નગરે પધરામણી કરી હતી. સોનગઢના શ્રી મહાવીર જૈન ચારિત્ર કલ્યાણ રત્નાશ્રમના વિદ્યાર્થી ઓએ બેન્ડવાજા સાથે પૂજ્ય સાહેબોનું ઉત્સાહથી વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થી છાત્રો સમક્ષ વ્યાખ્યાન આપી ધર્મ જ્ઞાન સાથે ઉત્તમ ચારિત્ર નિર્માણ અને નિવ્યર્સની જીવન જાળવવાની શીખ આપી હતી.





# પાલીતાણાના કચ્છી ભવન આંગણે ૯૯ યાત્રા પ્રસંગે બે સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી





શ્રી પાલીતાણા તીર્થના કચ્છી ભવનના આંગણે શ્રી નીત રુચિ ગુણ ગુણોદય ગુલાબ વસંત શત્રુંજય તીર્થ ૯૯ યાત્રા પ્રસંગમાં પ.પૂ.ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ શ્રવણ સંતો તેમજ પ્રવર્તીની મહતરા સાધ્વીગણ મુખ્ય પ.પૂ. સાધ્વીશ્રી વસંતપ્રભાશ્રીજી મ.સા. આદિ શ્રમણી ભગવંતોની નિશ્રા ઉપસ્થિતિમાં મેરુ તેરસના દિવસ રવિવાર તા.૩૦ જાન્યુઆરીના શ્રી સિધ્ધાચલ તીર્થે શ્રી પુંડરિક સ્વામી ભગવાનનું સ્નાત્ર અને શ્રી આદિનાથ સ્વામી દાદાનું સ્નાત્ર એમ સંઘપતિ અને યાત્રિકો સાથે બે સ્નાત્ર પૂજા ભણાવવામાં આવી. ઉપસ્થિત સૌ ધર્મ લાભ પામી ધન્ય ધન્ય થયાં હતાં.

# માંડવીના શિવમસ્તુ તીર્થમાં ગુરુગુણ સૂરિ ૧૦૯મા જન્મોત્સવનો અદ્‌ભૂત માહોલ જામ્યો

કચ્છ પ્રદેશના રમણીય બંદરીય નગર માંડવી નગર પરિસરના શિવમસ્તુ તીર્થ આંગણે તા.૨ ફેબ્રુઆરી બુધવારના ચતુર્વિધ સંઘની નિશ્રામાં ઘર દેરાસરમાં અને ગુરૂદેવ ગુણસાગરસૂરિ ગુરૂમંદિરમાં અઢાર અભિષેક થયેલ જે દરમ્યાન ગુરૂ ગુણ ચોવીસીના બધા જ સ્તવનોના ગાન સાથે ગુરૂ ભક્તિનું ભવ્ય કરાયું હતું. ગુરૂ ગુણ મંદિરમાં દ્વાદશાવર્ત વંદન, વાસચૂર્ણ, પુષ્પાંજલિ સહ આરતીનો કાર્યક્રમ થયેલ. સમગ્ર કાર્યક્રમનો લાભ ૧૦.૧૦ વર્ષીતપના તપસ્વી નિર્મલાબેન ભૂપેન્દ્રભાઈ વીરા લાયજાવાળાએ લીધેલ હતો.

# ડોંબિવલી સંઘના આંગણે શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ આ.ભ.મ.સા.ની ૧૦૯ મા જન્મદિવસની ઉજવણી કરાઈ

તા.૨જી ફેબ્રુઆરી બુધવાર દિને શ્રી અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીના આંગણે પ્રશમરસનિધિ પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., પ.પૂ.ગણિવર્યશ્રી કમલપ્રભસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજીઓની પાવનકારી નિશ્રામાં શાસન સમ્રાટ અચલગચ્છાધિપતિ પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.ના ૧૦૯મા જન્મ દિવસની ભાવ ઉલ્હાસભેર સંગીતના સૂરે ભાવાચાર્ય વંદનાવલી સાથે ઉજવવામાં આવી હતી.





# શ્રી પાલીતાણા મહાતીર્થે કચ્છી ભવનના આંગણે પૂજ્ય મહારાજ સાહેબનું વિશાળ હાજરી સાથે ભવ્ય સામૈયું કરાયું





શ્રી પાલીતાણા મહાતીર્થે શ્રી કચ્છી ભવનના આંગણે તા.૩૧ જાન્યુઆરી સોમવારના પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ પધારતા ૯૯ યાત્રાના યાત્રિકો સાથે સર્વ ગુરૂ ભક્તોની વિશાળ હાજરી સાથે ભવ્ય ભાવથી સામૈયું કરાયું.

# લગ્નસંબંધી

શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન મુંબઈની સગપણ સેતુ વિભાગને પ્રોત્સાહન આપવા માટે તથા જ્ઞાતિના લગ્નોત્સુક યુવક-યુવતીઓને યોગ્ય પાત્ર મળી રહે એ ઉદ્દેશથી આ કોલમ શરૂ કરેલ છે. જે આપને યોગ્ય નિર્ણય લેવા માટે મદદરૂપ થશે. અગર જો આપની ઈચ્છા હોય તો નીચે આપેલા ફોર્મ ભરવાની કૃપા કરશો. જે અમે યોગ્ય સમય નિ:શુલ્ક પ્રકાશિત કરશું.



**વધુ વિગત માટે સંપર્ક :**
**અલકા ભેદા-૯૮૨૧૧૭૯૭૯૬, જીનાલી લોડાયા-૯૮૯૨૧૮૯૦૮૫,**
**મનીષા લાલકા-૯૮૨૦૫૪૫૭૩૪.**

**ફોર્મ ભરવા માટે અહીં ક્લીક કરો**



Name : Jigar Kishorbhai Khona

Vastipatrk No.: RAKN0300504

Date of Birth : 23rd July 1994

Birth Time : 4:00 pm

Height : 171 cm

Weight : 70 KGS

Manglik : No

Present Stay : Jamnagar

Birth Place : Rangpur

Other Details : My Father is Retired & My Mother is Homemaker. My Two Brothers He Also Married. MY Family is Middle Class Family

Qualification : M.A Final

Native Place : Rangpur

Occupation : Cctv Camera Fitting and Installation

Blood Group : NA

E-Mail : Khonajigar7@gmail.com

Contact : 8000332229

Parent's Contact : 9998070629

Gyatimaiya KDO Mahajan Code No. SM B/4



Name : Hemangi Harish Mota

Vastipatrk No.: KUMT030604

Date of Birth : 20th July 1993

Birth Time : 1:47 pm

Height : 5’6”

Weight : 60 KGS

Manglik : No

Present Stay : Dombivli West

Birth Place : Dombivli West

Other Details : My partner should b open minded , cool n calm in nature, understanding, lovable n caring.

Qualification : T.YBBI (Banking n Insurance)

Native Place : Kuapadhar

Occupation : Working as Showroom hostess in Millenium Toyota

Blood Group : O+ve

E-Mail : hemangimota746@gmail.com

Contact : 9653661187

Parent's Contact : 8080727032

Gyatimaiya KDO Mahajan Code No. SM G/4

નોંધ : જે પાત્રો સગપણ સંબંધે જોડાય તેઓ અમને જાણ કરે જેથી અમે અમારા રેકોર્ડમાં સુધારો કરી શકીએ.

## ધન ધન મુનિવરાઃ પૂ.મુનિરાજ મ.સા.ની ૬૬૦ દિવસની ઉગ્ર તપસ્યા



પ્રવચન પ્રભાવક બાળ ૯૯ના સફળ સુકાની પ.પૂ.મુનિરાજ શ્રી દેવરત્નસાગરજી મ.સા.ના શિષ્ય તપસ્વી રત્ન પ.પૂ.મુનિરાજ શ્રી તત્વરક્ષિતસાગરજી મ.સા. ઉ.વ.૭૫ની ૭૮+૭૯+૮૦+૮૧+૮૨+૮૩ +૮૪+૮૫મી સળંગ ઓળી કરી ૬૫૨ આયંબિલ + ૮ ઉપવાસ = ૬૬૦ દિવસ સળંગ તપસ્યા કરેલ છે. ૮૫મી ઓળીના પારણે આયંબિલ કરી ૮૬ ઓળી શરૂ કરેલ છે.

વર્તમાનમાં શંખેશ્વર તરફના ઉગ્ર વિહારમાં આયંબિલની સાથે રોજ ૧૦૮ ખમાસણા ૨૦૦ થી અધિક મંત્ર જપ વૈયાવચ્ચ. બે ટાઈમ ઉભા ઉભા પ્રતિક્રમણ, સ્વાધ્યાય આદિ નિત્યક્રમ, આમ ધર્મ તપસ્યાને માટે સૌના મુખે સરી પડે ધન ધન મુનિવરા... ધન ધન મુનિવરા.

# અચલગચ્છ સાથે જોડાયેલા સર્વે શ્રાવક શ્રાવિકાઓને નમ્ર અપીલ

હાલમાં અચલગચ્છના વડીલ સાધ્વીજી પ.પૂ.શ્રી પૂર્ણાનંદશ્રીજી મ.સા. દરરોજ ઉપવાસના પચ્ચખાણ અપાય છે. છેલ્લા લગભગ ૯ વર્ષથી તેઓ સેમી કોમા જેવી અવસ્થામાં છે. તેમના શિષ્યા, ગુરૂ બહેનો, સંસારી કુટુંબીજનો, ૭૨ જિનાલયના ટ્રસ્ટીઓ, કર્મચારીઓ વગેરે તેમની વૈયાવચ્ચ માટે સજાગ છે.

પ.પૂ.સાધ્વીશ્રી અભય ગુણાશ્રીજી મ.સા.ની તબિયત નાદુરસ્ત હોવાને કારણે તેમને ભુજમાં હોસ્પિટલમાં એડમિટ કરાયેલ છે. ફેફસામાં કફની તકલીફ છે. ડોક્ટરોની ટીમ શ્રેષ્ઠ પ્રયાસ કરી રહેલ છે. દરેકને વિનંતી કે તેમના માટે જાપ કરશોજી. કોઈપણ અણઘડત અફવાના મેસેજો પર ધ્યાન નહિં આપશો. કોઈ પણ મહત્વના સમાચાર હશે તો આપને અચલગચ્છ વોટસઅપ ગ્રુપ દ્વારા માહિતી પહોંચાડાશે.

## મુમુક્ષુ કિંજલબેનની દીક્ષા પ્રસંગે કપડા રંગવાની વિધિ ભાવપૂર્વક થઈ







દીક્ષાર્થી મુમુક્ષુ કિંજલબેનની દીક્ષા પ્રસંગે કપડા રંગવાની વિધિ પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિજી મ.સા. આદિઠાણાની નિશ્રામાં ભાવપૂર્વક થઈ.

# પાલિતાણા તીર્થે દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી રાજવીબેનનું છેલ્લું બહુમાન કરાયું





પાલિતાણા તીર્થમાં દીક્ષાર્થી મુમુક્ષુ કુમારી રાજવીબેનનું શ્રી અખિલ ભારત અચલગચ્છ વિધિ પક્ષ શ્વેતાંબર સંઘ વતી છેલ્લો બહુમાન કરાયું તેમજ વિજય તિલક કરાયેલ.

# પાલીતાણા તીર્થે ગુણોદય પુરમમાં દિક્ષાર્થી મુમુક્ષુ રાજવીબેનની મુહપતિ પર સ્વસ્તિક આલેખવાનો વિધાન સંપન્ન થયો





તા.૧ ફેબ્રુઆરી મંગળવાર રોજે શત્રુંજય તીર્થની છાયામાં આદિનાથ દાદાના સાંનિધ્યમાં અજોડ શાસન પ્રભાવક ૨૧મા વર્ષીતપના તપોનિધિ, સૂરમંત્ર, પંચ પ્રસ્થાન સાધક પ.પૂ. આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ.સા., ગણિવર્ય ભગવંત શ્રી રાજરત્નસાગરજી મ.સા. આદિ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં ગુણોદય પુરમના આંગણે દિક્ષાર્થી મુમુક્ષુ રાજવીબેનની મુહપતિ પર સ્વસ્તિક આલેખવાનો વિધાન સંપન્ન થયો.



# પાલિતાણા તીર્થે બાલ મુમુક્ષુ કુમારી રાજવીબેનની દીક્ષા મહોત્સવનો ત્રિદિવસીય કાર્યક્રમ સંપન્ન થયો




તા.૩ ફેબ્રુઆરી ગુરૂવારે પાલિતાણાના ગુણોદયપુરમ મધ્યે સળંગ ૨૧મા વર્ષીતપના આરાધક અજોડ શાસન પ્રભાવક પ.પૂ.આ.ભ.શ્રી કવિન્દ્રસાગરસૂરિશ્વરજી મ.સા. એવમ નૂત્તન ગણિવર્ય શ્રી રાજરત્નસાગરજી મ.સા.ની આદિ વિશાળ સાધુ સાધ્વીજી ભગવંતોની નિશ્રામાં બાલ મુમુક્ષુ કુમારી રાજવીબેનની દીક્ષાનો ત્રિદિવસીય કાર્યક્રમ ભવ્યાતિ ભવ્ય વિશિષ્ટ જિન ભક્તિના કાર્યક્રમો વગેરે ભવ્ય ભક્તિ સાથે થયો.



નૂતન દિક્ષિતને અત્રે પાલિતાણા મધ્યે શાંતિધારા ઉપાશ્રયે બિરાજમાન પ.પૂ.સાધ્વીશ્રી મહોદયાશ્રીજી મ.સા.ના શિષ્યા પ.પૂ.સાધ્વીશ્રી મુક્તિરત્નાશ્રીજીના શિષ્યા તરીકે જાહેર કરવામાં આવેલ. નૂતન દિક્ષિત રાજવી બેનનું સંયમ જીવનનું નામ સાધ્વીશ્રી રત્નનિધિશ્રીજી રાખવામાં આવેલ. દિક્ષા વિધિ દરમ્યાન મુનિશ્રી કલ્પતરુસાગરજીએ પ્રાસંગિક પ્રવચન આપેલ. સમગ્ર દીક્ષા મહોત્સવની તૈયારીઓ મુનિશ્રી પ્રિયંકરસાગરજી મ.સા.ના માર્ગદર્શનથી કરવામાં આવેલ. દિક્ષા કાર્યક્રમનું સંચાલન વિધિકાર શ્રી ચંદ્રકાંતભાઈ બિદડાવાલા દ્વારા કરવામાં આવેલ તેમજ યુવા સંગીતકાર શ્રી મોહિતભાઈ બારોટના દ્વારા સંગીતમય કાર્યક્રમ સાથે પૂર્ણાહુતિ કરવામાં આવેલ. દીક્ષા પ્રસંગની સાથે સાથે ચતુર્થવ્રત તેમજ શ્રાવકના બાર વ્રત ઉચ્ચારવવાનો કાર્યક્રમ પણ સાથે રાખવામાં આવેલ. અનેક શ્રાવક શ્રાવિકાઓએ વ્રતોચ્ચાર કરેલ.




॥ શ્રી સુવીધીનાથાય નમઃ॥ ॥ શ્રી મહાવીરાય નમઃ॥ ॥ શ્રી આદીનાથાય નમઃ॥

શ્રી જખૌ મહાજન
Estd.1966

# શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ જખૌ મહાજન

Regestration No. A 1106 (Kutch) Date 28-9-1966

## શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસર તથા તેના સાધારણ ફંડ ટ્રસ્ટ

Public Trust Regestration No. A 495-Kutch C.I.T.V. No.66 / J 30 / 74-75

**હેડ ઓફીસ :** શ્રી રત્નટુંક જૈન દેરાસર, જખૌ, તા. અબડાસા, (કચ્છ)-૩૭૦૬૪૦

તારીખ : ૩૧-૦૧-૨૦૨૨

સુજ્ઞ ગામવાસીઓ તથા નિયાણી બહેનો પરિવાર સહ,

**જખૌ મહાજન અને શ્રી જખૌ રત્નટુંક દેરાસર ટ્રસ્ટ વતી બહુમાનપુર્વક જય જિનેન્દ્ર !**

## સ્નેહમિલન - ભાવભર્યુ આમંત્રણ

તીર્થાધિપતિ શ્રી મહાવીર સ્વીમીની અસીમ કૃપાથી જખૌ રત્નટુંક જિનાલયના જીર્ણોધ્ધારનું કાર્ય સુચારૂ રૂપે ચાલુ છે. તેમજ ૧૨ રૂમનું નુતન વાતાનુકુલિત (એસી) અતિથીગૃહનું કાર્ય ટુંક સમયમાં પુર્ણ થશે. આ સંમેલનમાં આપણે હમણાં સુધી થયેલ કાર્ય અને ભવિષ્યના પ્લાનનું વિડિઓ પ્રેઝન્ટેશન નિહાળીશું.

વિવિધ દાનેશ્વરી ટ્રસ્ટોના અધિકારીઓ જીર્ણોધ્ધાર કાર્યનું નિરીક્ષણ કરવા સમયાંતરે જખૌ દેરાસરની મુલાકાત લેતા રહે છે. અને કામની ગુણવતા બાબત સંતુષ્ટતા વ્યક્ત કરી પોતાના અભિપ્રાય આપી જરૂરી સુચનો પણ આપે છે. અને યોગ્ય સુચનોનું અમલીકરણ પણ કરવામાં આવે છે.

